# નાસ્તીકની તપસ્યા (અંગત કેફીયત)

–અનીલ શાહ

## પ્રાર્થનાએ ઉગાર્યો

18 ઑક્ટોબર – 1961. દશેરાની રાત્રે રાંચી એક્સપ્રેસમાં કલકત્તાથી રાંચી જઈ રહ્યાં છીએ. ચાર બર્થની કેબીનમાં 12 વર્ષની દીકરી પલ્લવી અને 7 વર્ષનો પુત્ર આશીષ ઉપરની બર્થ પર સુતાં છે. નીચેની બર્થ પર હું છું તથા એક બીજા ઉતારુ છે. અડધી રાતે ધડાકો થાય છે. અમે ફંગોળાઈએ છીએ. થોડી ક્ષણો પછી સમજાય છે કે ટ્રેનને અકસ્માત થયો. રાત્રીના આછા અજવાળામાં ખ્યાલ આવે છે કે અમારા ડબ્બાનો ભુક્કો થઈ ગયો છે. હું ઢગલાની ઉપર છું એટલે ઉભો થઈ તુટેલા ડબ્બાના ઢગ ઉપરથી બાજુએ આવી બન્ને બાળકો મેળવવા બુમ પાડું છું. પલ્લવીનો ધીમો અવાજ સંભળાય છે – "પપ્પા, પપ્પા." ડબ્બાના કોઈક ભાગ નીચેથી તેને બહાર કાઢું છું. બે હાથે ઉંચકીને ઉંચાણમાં આવેલા રેલના પાટા પાસે તેને સુવાડી, આશીષને લેવા ડબ્બાના ઢગલા પાસે આવી આશીષના નામની બુમો પાડું છું. જવાબ નથી. અજવાળું વધતું જાય છે તેમ કેટલો ભયંકર અકસ્માત થયો છે, કેટલા બધા ડબ્બા પાટા પરથી ગબડી ભુક્કો થઈ ગયા છે તેનો અંદાજ આવે છે. આશીષ જો ડબ્બાના ભંગારની નીચે આવી ગયો હોય તો તેની દશા કેવી થઈ હશે એવા વીચાર માત્રથી ગભરામણ વધતી જાય છે. બુમો પાડું છું; પરન્તુ ઘવાયેલા, રઘવાયા ઉતારુના વધતા કોલાહલ, ચીત્કાર વચ્ચે થઈને મારો અવાજ આશીષને કેમ પહોંચશે એ ફીકર થાય છે. ક્ષણો જાય છે તેમ તેમ એ કુમળા બાળકની દશાના વીચારને ઠેલવા પ્રયત્ન કરું છું. મુંઝવણની ભીંસ વધતી જાય છે. દીકરી પાસે જાઉં છું, તપાસું છું. હાશ, કોઈ અંગ કપાયું નથી. કશુંક ઓઢાડી પાછો ડબ્બાના ઢગ તરફ ‘આશીષને લેવા’ જાઉં છું. કલાક વીતી જાય છે. પુત્ર મળતો નથી. તેની શી દશા હશે તેની ચીન્તા ઘેરી રહી છે. ફરી પુત્રી પાસે આવું છું. હવે મારાથી કંઈ થઈ શકે તેમ નથી. પરમાત્મા તેને બચાવે, મને મારો વહાલો પુત્ર પાછો આપે તેવી મનમાં સતત પ્રાર્થના ચાલી રહી છે. બીજું કાંઈ જોઈતું નથી. બસ, આ નાનકો દીકરો મને મેળવી આપ.

અકસ્માતમાં ફંગોળાયેલા માણસોને સ્વયંસેવકો ઉપાડીને પાટા તરફ લાવે છે. કોઈને આશીષ જેવડા બાળકને લઈને ફરતો જોયો. પોકારતો જાય, "યે કીસકા બચ્ચા હૈ ?" એ જ આશીષ, મારો ખોવાયેલો લાડલો. તેને તેડી લઈ બહેન પાસે બેસી જાઉં છું. હાશ, અંગો સલામત છે. "તું ક્યાં હતો દીકરા ? તને કંઈ વાગ્યું છે ?" આશીષને શું થઈ રહ્યું છે તે સમજાતું નથી. કંઈ વાંધો નહીં. એ મળી ગયો એ જ જગ જીત્યા બરોબર છે. પ્રાર્થના ફળી.

## શાને પ્રાર્થું ?

વર્ષો વીતે છે તેમ ધાર્મીક અને આધીભૌતીક માન્યતાઓથી વીમુખ થઈ રહ્યો છું. જે કંઈ કાર્ય–કારણના તર્કથી ન સમજાય તેનો અસ્વીકાર કરવા તરફ જઈ રહ્યો છું. કોઈ બનાવનાં કારણો અત્યારે ન સમજાય તો એ પરમતત્ત્વનું સંચાલન છે – એમ હવે મન સ્વીકારતું નથી. હાલ કારણ ન સમજાતું હોય તો ખોજ ચાલુ રાખવાની. ‘પરમતત્ત્વ’નો આશરો લઈ છટકવું નહીં એવી વીચારસરણી સાથે પ્રાર્થના હવે નીરર્થક લાગે છે. 1996માં એ મન્થનને શબ્દસ્થ કરવા પ્રયત્ન કરું છું અને એ અધકચરી કવીતાના સ્વરુપ તરફ ખેંચાય છે –

*‘પ્રાર્થું શાને ?*
*‘ઈશ્વર ઉગારે’ ભાવેભરી પ્રાર્થનાએ*
*દીધાં છે આશા, ધૈર્ય, ચીત્તશાંતી*
*સંજોગો જ્યારે ઘેરી લે છે નીજના, સ્વજનોનાં દર્દ સન્તાપે*
*રસ્તો જડે ના, ચાવી મળે ના.*

*કાળક્રમે ઉઠે પ્રશ્નો, શંકા દૃઢ થાય*
*ઉકલે ખરે શું પ્રાર્થના થકી*
*દર્દ સન્તાપનાં કારણો જે મુળ ઉંડાં*
*તેને હરે, કે ગાઢ તન્દ્રા સમા,*
*છદ્મ આવરણે રક્ષીત ભાવ સર્જે*
*ચીત્તને શાન્તી ને ધૈર્ય અર્પે ?*
*પ્રાર્થના નીવારે ના દુઃખ સન્તાપ*
*લઈ ક્ષુબ્ધ ચીત્ત નીજ અંક ધીરે*

*છાવરે હુંફાળા પાલવે.*

*હાય, આ પ્રશ્ન, શંકા નીવારીને*
*મન ચહે પ્રાર્થવા જ્યારે ફરી*
*સન્મુખે સન્તાપ દર્દો નીજનાં, સુહૃદોનાં,*
*રસ્તો જડે ના, ચાવી મળે ના,'*

## ઈશ્વરીય વળગણ

1942થી શરૂ કરી મનુભાઈ પંચોળી 'દર્શક'નો ખાસ કરીને સાહીત્ય, સમાજના પ્રશ્નો વીશે મારું ઘડતર કરવામાં ઘણો મોટો ફાળો. ઘણી બાબતોમાં સમાન વીચારસરણી. ડીસેમ્બર–1999માં લોકભારતીના માસીક 'કોડીયું'માં તેમનો લેખ પ્રસીદ્ધ થયો. *"ઈશ્વરમાં ન માનનાર અભણ છે."* મનુભાઈ જેવા મેધાવી પુરુષને છાજે નહીં તેવાં વીધાનો તેમણે કરેલાં –

- "આપણે ચૈતન્યશક્તી પર પુરી શ્રદ્ધા રાખવી જોઈએ.
- મનુષ્યમાં આસ્થા જ ન હોય તો બધું જ નકામું છે. આસ્થા અને બુદ્ધી બે આંખો છે, બન્ને સાથે જ રહે છે.
- ઈશ્વરમાં ન માનનાર માનવી ઠોકર ખાઈને માનતો થશે. જે ઈશ્વરમાં ન માને તેનું પણ ઈશ્વર તો ભલું જ કરે.
- આ જગતનું સંચાલન એક નીયામકથી ચાલે છે, જે કીડીમાંથી કુંજર સુધીનું ધ્યાન રાખે છે. એ ભક્તજનો માટે દયાળુ છે, પ્રેમી છે.
- "પાપીઓ પાપનો ભોગ બને છે, પુણ્યવાળાઓ પુણ્ય પામે છે."

આવાં વીધાનોને પડકારવા મેં લેખ તૈયાર કર્યો – *"ઈશ્વરીય વળગણ"*. તેમાં મનુભાઈના લેખના ઘણા મુદ્દાઓ વીશે અસંમતી વ્યક્ત કરતાં મેં છેલ્લે લખ્યું –

- બ્રહ્માંડનું એક નીયામક સંચાલન કરે છે તેવું ન માનનારો, એ વીશે સવીસ્મય ખોજ કરતો કે 'Order Without Design' - ('Unended Quest' - Dr. Anil Patel)ની વીચારસરણીને અપનાવનારને અભણ કહીને ઉતારી પાડવાથી અન્ધશ્રદ્ધામાં ડુબી રહેલા દેશ, પ્રદેશને સત્યપ્રકાશ તરફ લઈ જવામાં સહાય થતી નથી. પરમ્પરાગત ધર્મભાવના, પાપપુણ્ય – કર્મોનાં પરીણામોમાં આસ્થાએ સંસારમાં શેકાતા રીબાતા અનેક જીવોને ધૈર્ય અને શાતા આપ્યાં છે તેથી તેને ઉતારી પાડવાનું સુચવવાનું નથી; પરન્તુ અગમ્યને સત્યનું મહોરું પહેરાવવા કરતાં 'સત્યને જાણતો નથી' એમ કહેનાર, સ્વીકારનારને 'અભણ' ન ઠરાવવાનો પ્રસ્તાવ છે. 'અસત્યમાંથી પ્રભુ પરમ સત્યે તું

લઈ જા’ની પ્રાર્થનાને સ્થાને, સ્વબળે એક એક ડગલું આગળ વધવાની પુરુષાર્થસભર વાંછના રાખનારને ‘અભણ’ ન કહેવાનું નીવેદન છે.

મારા લેખ પર ટીપ્પણ કરતા મનુભાઈની નોંધ પ્રકાશીત થઈ –

*‘અભણ કહેવામાં ઉતાવળ થઈછે. તેને અધુરા કહેવાય.’* (આખો લેખ પુસ્તકમાં અન્યત્ર છે)

## સત્કર્મ બચાવે

પરમતત્ત્વ જેવી જ દુર્બળ મનની અન્ય માન્યતા કર્મના સીદ્ધાંત વીશેની. જે કાંઈ બને છે તે કર્મનાં ફળ છે. આ જન્મે દુષ્કર્મ કર્યાં ન હોય તો પણ; દુઃખ આવે તો ગયા જનમનાં ફળનો પ્રતાપ ! 2000ની સાલમાં કાર અકસ્માત થયો. ટાયર ફાટ્યું. ગાડી ઉથલીને ઉંડા ખાડામાં પડી. બે વાર પલટી ખાધી. માંડ બહાર કાઢ્યો. લોહીની ઉલટી. બધી તપાસ પછી નક્કી થયું કે બ્રેઈન હેમરેજ નથી. ચાલો, બચ્યા. મનુભાઈ પંચોળી કહે, *‘તું સારું કામ કરે છે તેનું ફળ.’* બીજા મીત્રો પણ મારા કામને જશ આપે. સાંભળવું ગમે; પણ કારના ટાયરનું ફાટવું, કાર ઉથલી પડવી, પલટી ખાવી, કાર દબાઈ જાય, હું બચી જાઉં–દેખીતી રીતે અકસ્માત જ અકસ્માત. સત્કર્મને શી લેવાદેવા ?

કહેનારની લાગણી દુભાવવાનું મન ન થાય; છતાં વીવેક સાથે પુછું, ‘ખરે જ ? તો પછી ઘણું જ સારું કામ કરનાર વીઠ્ઠભાઈ પટેલ અને વજુભાઈ મહેતા કાર અકસ્માતમાં કેમ ન બચ્યા ?’ જવાબની આશા રાખીએ તો પુર્વજન્મનાં કર્મની વાત સાંભળવી પડે.

## ખરી કસોટી

સંતાપ સમયે પ્રાર્થના ન કરવાના પુરુષાર્થની ખરી કસોટી આવી 2001ની સાલમાં. પત્ની ઈન્દુની છાતીમાં ગાંઠ છે. ઑપરેશન કરી તેનો નમુનો બાયૉપ્સી માટે લૅબોરેટરીમાં મોકલ્યો છે. ચીત્તમાં ઘમસાણ ચાલે છે. કૅન્સર નીકળે તો ? ભર્યુંભાદર્યું ઘર વેરવીખેર થઈ જાય. લેબોરેટરીનો અહેવાલ થોડી મીનીટોમાં આવશે. ચીત્તમાં કરવત ચાલે છે. પરમતત્ત્વની સહાય માટે પ્રાર્થના કરવાની તીવ્ર ઈચ્છા થઈ આવે છે. મનને સમજાવું છું. જે નમુનો તપાસ માટે ગયો છે તેમાં જે કાંઈ છે, તેમાં પ્રાર્થનાથી તલભાર ફેરફાર નહીં થઈ શકે. ચીત્તને શાંત–સ્વસ્થ કરવા પ્રયત્ન કરું છું. જે કંઈ બનવાનું છે તે બની જ ગયું છે. હવે તો જે કંઈ પરીણામ આવે તેને સ્વીકારવું જ પડશે. પ્રાર્થનાની છટકબારીથી પરીસ્થીતી નહીં બદલાય. જે કાંઈ બની રહ્યું છે તે સન્મુખ છે. બીજેથી મદદ માંગવાથી કોઈ ફેર નથી પડવાનો. ચીત્તતંત્રને પ્રાર્થના કરતું રોકવા ગડમથલ ચાલી રહી છે ત્યાં લૅબોરેટરીનો અહેવાલ આવે છે – ‘મેલીગ્નન્ટ’ – કૅન્સર છે. હવે જીવનમાં નવી પરીસ્થીતીનો સામનો કરવાનો; પણ પ્રાર્થના ન કરી માટે આવું થયું તેમ તો ન જ વીચાર્યું. દુઃસહ કષ્ટ વેઠીને પણ ન જ સ્વીકાર્યું.

## ફરી કસોટી

એક વર્ષ પુરું થયું. 2001માં ઈન્દુના શરીરમાં કૅન્સર ફેલાયું નથી એની વાર્ષીક તપાસ. લીવરમાં ડાઘ, બાયૉપ્સી. લૅબોરેટરીમાં નમુનો આપેલો, તેનો અહેવાલ લેવા જાઉં છું. શું નીકળશે ? અપાર વીહ્વળતા. ચીત્તમાં શારડી ફરી રહી છે. કોનો સહારો ? પ્રાર્થના નહીં જ કરું. જે છે તે તો છે જ. દુઃખ હશે તો હશે જ. પચાસ વરસના ભર્યાંભાદર્યાં દામ્પત્યને વીદારી નાખતો અહેવાલ આવશે તો ? ભલે તેમ હો. અમારા સાહચર્યનું જે ઉત્તમ છે તેને શબ્દોમાં ગોઠવવા પ્રયત્ન કરીને નઠારા વીચારોને ચીત્તની બહાર રોકવા કરું છું. હું કવી નથી; તો પણ કવીતા તરફ કેમ ખેંચાઈ જવાય છે?

*“અમે ઓતપ્રોત એવાં,*
*વસ્ત્રમાં જેવા દોરા.*
*કાપડ બને ‘કપડાં’ દોરા થકી,*
*દોરાવીહીન ‘કપડાં’ ફરી કાપડ,*
*લીરા જ લીરા !”*

પ્રાર્થના ન કરી. પરીણામમાં ફેર ન પડ્યો. કૅન્સર લીવરમાં ફેલાયું નથી. હાશ, જીવનનું વસ્ત્ર લીરા થતાં બચ્યું. પરમતત્ત્વ થકી નહીં; એમ જ થવાનું હતું.

## પ્રાર્થનાવૃત્તી પર કાબુ

આવી બે કપરી કસોટીમાંથી પસાર થયા પછી પ્રાર્થનાવૃત્તી ખાળવાની આત્મશ્રદ્ધા વધી, પ્રોસ્ટેટનું ઑપરેશન જુન 2002માં કરાવેલું. તે વખત બાયૉપ્સી કરાવેલી. કૅન્સરની અસર ન હતી. દોઢ વર્ષ પછી નવેમ્બર–ડીસેમ્બર, 2003માં ફરી તકલીફ શરુ થઈ. PSA તપાસમાં ૪.૫ કાઉન્ટને બદલે ૧૧૮. ફરી તપાસ ૧૧૫. હવે ગમ્ભીર પરીસ્થીતીની શક્યતા. કૅન્સર હોઈ શકે. બોન સ્કૅનીંગ કરાવવાનું આવશ્યક. ઈન્જેક્શનથી ન્યુક્લીયર ફ્લ્યુઈડ શરીરમાં દાખલ કર્યું. ત્રણ કલાક પછી આધુનીક મશીન પર સ્કૅનીંગ કરવાનું. કૅન્સર ફેલાયું હોય તો સ્કૅનીંગ પ્લેઈટમાં હાડકાંના આકારમાં તેના ડાઘ ઉપસે. ત્રણ કલાક પછી જાણ થવાની. કૅન્સર છે ? જે હશે તે હશે જ. પ્રાર્થના કરવાની જરુર નથી. ત્રણ કલાક અગત્યની બે મીટીંગોમાં ગાળ્યા. પ્રવાહી શરીરમાં ફેલાઈ રહ્યું હતું, જે મારી બાકીની જીન્દગીનું સ્વરુપ નક્કી કરવાનું છે. પ્રવાહી ભલેને ફરતું. એ એનું કામ કરે. હું મારું. એ વીશે કોઈને જણાવવાની પણ શી જરુર ? નીયત સમયે સ્કૅનીંગ માટે પહોંચ્યો. મશીન પર સુવાડ્યો. મશીને તપાસ શરુ કરી. અડધા કલાકમાં ફેંસલો. ત્યાં સુધી મનને શેમાં રોકું ? પ્રાર્થના તો કરવી નથી. જે થવાનું છે તે શરીરમાં મોજુદ છે; પણ પ્રાર્થનાની મંગળ ભાવનાને સ્થાને મનમાં સમાધાનકરી ચેતના કેમ પ્રગટાવવી ? મારી વાંછનાને શબ્દબદ્ધ કરેલો મંત્ર યાદ કર્યો –

*“રહ્યાં વર્ષો તેમાં.*
*સેવું, નીશદીન સ્નેહ, સૌન્દર્ય, મુદીતા, ઉમંગે.”*

હાડમાં કૅન્સર પહોંચ્યાનું નીદાન થયું. પ્રાર્થના કરી હોત તો પણ એ જ આવવાનું હતું. નીશ્ચીત હતું; પણ સ્નેહ, સૌન્દર્ય, મુદીતા, ઉમંગના ભાવનું સેવન કર્યું તેથી પ્રસન્નતા રહી.

ફરી ઑપરેશન–ટેબલ પર. સીદ્ધહસ્ત સર્જન પાર પાડશે જ. તેમના કૌશલને મારી પ્રાર્થનાની જરૂર નથી. એ એમનું કામ કરે. મન ચાલ, આપણને ગમતી ભાવનાનું મનન કરીએ – સ્નેહ, સૌન્દર્ય... થોડી ઘેનની અસર. ઑપરેશન સફળ.

## ઝીંક ઝીલાશે ?

હવે અમે બન્ને કૅન્સરની અસરવાળાં. પત્નીમાં એ ફેલાય નહીં તેની કાળજી રાખવાની, મારામાં જેટલું ફેલાયું છે તે વૃદ્ધી ન પામે, વધારે ફેલાય નહીં તેની તપાસ, દવા કરવાની. કરીશું. જે કાંઈ કરવા જેવું છે તે કરીશું. વીજ્ઞાનની પ્રગતીનો પુરો લાભ લઈશું. તેની મર્યાદા સ્વીકારી જે થવાનું હશે તે થતું જોઈશું. પ્રાર્થનાથી મનને તન્દ્રામાં રાખવા પ્રયત્ન નહીં કરું એવો હવે વીશ્વાસ બન્ધાયો છે. વ્યગ્રતા વધશે ત્યારે સ્નેહ, મુદીતાને તાજાં કરી ઉમંગમાં રહેવા પ્રયત્ન કરીશ. આકરું છે. મારી ચીન્તા ખાસ થતી નથી. પત્નીની થાય છે. એની પીડા સહન કરવાની શક્તી સીમીત. એથી હું વ્યગ્ર બનું. મનમાં કરવત ચાલે. ભલે, પણ ‘પરમતત્ત્વ’ને શરણે નહીં જાઉં. આકરું છે. તપસ્યા જેવું. રહ્યાં વર્ષો તેમાં વધારે આકરી કસોટીઓ આવવાની. કરવત અને શારડી વધારે તીવ્રતાથી ચાલવાની. જોઈએ કેટલી ઝીંક ઝીલું છું.

(આ લેખ જાન્યુઆરી 2005ના ‘અખંડ આનન્દ’માંયે છપાયેલો.)

–અનીલ શાહ

**‘સન્ડે ઈ–મહેફીલ’** – **વર્ષ:** છઠ્ઠું – **અંક:** 194 – June 20, 2010
**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકનઃ **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

શ્રી. મનસુખ સલ્લા સંપાદીત **‘સમુલ્લાસ નીસ્બત’** (પ્રકાશક–ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–380 001, Phone- 079- 2214 4663 - email - goorjar@yahoo.com પ્રથમ આવૃત્તી – ફેબ્રુઆરી ૨૦૦૫, પૃષ્ઠસંખ્યા – ૨૫૨ – મુલ્ય – રુપીયા

૧૫૦)ના પાનાં ૧૪૬થી ૧૫૧ ઉપરથી સંપાદક શ્રી મનસુખ સલ્લા અને સ્વ. અનીલભાઈ શાહનાં બૉસ્ટન–અમેરીકા સ્થીત દીકરી પલ્લવી ગાંધીના સૌજન્યથી સાભાર...ઉત્તમ ગજ્જર

**સમ્પર્ક:** પલ્લવી ગાંધી (pallavigandhi@yahoo.com) Boston-USA- Phone - 978-264-0039 અને આશીષ શાહ (ahishah@yahoo.com) SC-USA Cell - 864-877-4727

*'નાસ્તીકની તપસ્યા' બહુ વીશીષ્ટ લેખ છે. એક રીતે એ આત્મવીવેચન છે. શ્રદ્ધાનું ડીસેક્શન છે. તેમાં અનીલભાઈની ખુદવફાઈ નખશીખ પ્રગટ થઈ છે. તેમાં વૈજ્ઞાનીક અભીગમ અને જીવનભર સેવેલાં સ્નેહ–મુદીતા–મૈત્રીની મહત્તા બરાબરનાં પ્રગટ્યાં છે. જો કે અન્ય માટે પ્રાર્થના સ્વાભાવીક જરુરીયાત હોઈ શકે તે સ્વીકારવા જેટલા તેઓ ખુલ્લા છે. દીલાવરસીંહ જાડેજા અને પ્રકાશ ન. શાહને આ લેખ સ્પર્શી ગયો તે સ્વાભાવીક છે.'*

સમ્પાદક–શ્રી મનસુખ સલ્લા ( mansukhsalla@gmail.com – અમદાવાદ, Phone - 079- 2687 0981) તરફથી પુસ્તકને મળેલી પ્રસ્તાવના 'સંવેદન અને વીચારનું સાયુજ્ય'માંથી સાભાર..ઉ.મ..

લેખક અનીલભાઈ શાહ(જન્મ–17 June, 1926: અવસાન–12 April, 2007) તો હવે નથી. એમનાં પત્ની, 82 વરસનાં ઈન્દુબહેન (આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં દીકરી)નો ફોન નંબર મળતાં મેં તેમને ફોન કર્યો. (તેઓ અમદાવાદ હતાં. અને સાતમી મે 2010ના દીને અમેરીકા બન્ને સંતાનોને મળવા જવાનાં હતાં. હાલ તેઓ દીકરી પલ્લવીના ઘરે છે.)

*"ઈન્દુબહેન, 'સમુલ્લાસ નીસ્બત'માંથી અનીલભાઈનો એક લેખ 'સન્ડે ઈ–મહેફીલ'માં મુકવો છે."*
*"કયો લેખ ? 'નાસ્તીકની તપસ્યા' ?"*
*"તમને કેવી રીતે ખબર પડી ગઈ ?"*
*"2005માં એ લેખ 'અખંડ આનંદ'માં છપાયેલો. તે વાંચી દીગંત ઓઝાએ ફોન કરી કહેલું કે આની એક લાખ નકલ કરી વહેંચવી જોઈએ. તક મળ્યે હું તેમ કરીશ. આવા ઘણા સંદેશા અમને મળેલા."*

હું તો તાજ્જુબ ! અને લો, એ લેખ હવે તો તમે પણ વાંચ્યો....

બનવાજોગ છે કે આટલું જાણ્યા પછી લેખક અનીલ શાહ વીશે વધુ જાણવા કોઈને પણ મન થાય. તો હવે તેવા વાચકો માટે આટલું, લેખકના જ શબ્દોમાં –

'બાળપણમાં, કીશોરાવસ્થામાં, યુવાન વયે રચનાત્મક વલણો કેળવવાની મને જે અનુકુળતાઓ સાંપડી એટલી કેટલાને મળી હશે ? કર્તવ્યપરાયણ, ધર્મપરાયણ અભ્યાસુ શીક્ષક પીતા, જેમને મનુભાઈ પંચોલીએ 'અનેરા આચાર્ય' તરીકે બીરદાવ્યા એવા પીતા ચુનીભાઈ શાહનું હું એકમાત્ર સન્તાન.

'સંસ્કારનગરી ભાવનગરમાં સ્વાતંત્ર્યપોષક શીક્ષક ગીજુભાઈ બધેકાના બાળમન્દીરમાં પ્રાથમીક શીક્ષણ, – કક્કો, બારાખડી કે પલાખાં શીખ્યા સીવાય વાંચતાં, લખતાં અને ગણીત આવડી ગયું. દક્ષીણામુર્તી વીનયમન્દીરમાં માધ્યમીક શીક્ષણ – જ્યાં પરીક્ષા નહીં; પણ સ્વાધ્યાય કરીને જાતે વાંચવા, વીચારવા, લખવાની અનુકુળતા. દક્ષીણામુર્તીના રાષ્ટ્રીય શીક્ષણના વાતાવરણની સાથે જ ગાંધીજીની દેશવ્યાપી હવાનો સ્પર્શ. વીસમી સદીના ત્રીજા દાયકામાં દેશમાં ગાંધીજી છવાઈ ગયેલા. તેમના વીવીધ આન્દોલનોની હવાના સ્પર્શે દેશપ્રેમ, વંચીતો પ્રત્યે સક્રીય સહાનુભુતી, આચરણમાં કષ્ટ સહજતા વણાઈ ગયાં.♦♦♦

'દેશસેવામાં ઉપયોગી થશે એવી કોઈ સમજથી આર્ટસના વીષયો, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ♦♦♦

'સરકારી શાસનનો પ્રથમ પરીચય થયો સૌરાષ્ટ્ર રાજ્યના ઘડવૈયા, પ્રથમ મુખ્યમંત્રી, અનન્ય લોકસેવક શ્રી ઢેભરભાઈના અંગત સચીવ તરીકે કામ કરતાં(1949-'50)...

'ખરી અનુકળતા મળી 1952માં, કૉલેજમાં અર્થશાસ્ત્ર ભણાવવાનું છોડી સામુહીક વીકાસ યોજના, કમ્યુનીટી ડેવલપમેન્ટમાં જોડાવાની તક મળી....

'આમ તો હું નગરનું બાળ. જન્મ ઉછેર અભ્યાસ બધું ભાવનગર, પુના, મુંબઈ જેવાં શહેરોમાં. પણ ખડક સાથે બંધાયેલી નાવ પાણીમાં મુકતાં જ તરવા લાગે તેવી જ રીતે સામુહીક વીકાસમાં સામાન્ય માનવીનાં મન જીતવાં, તેમને સંગઠીત કરવાં, તંત્રને એમની સેવામાં લગન સાથે જોડી દેવાનું મનગમતું કામ મળી ગયું અને ઝપાટાભેર ફાવતું ગયું. 1959માં સૌરાષ્ટ્ર છોડી ભારત સરકારમાં જોડાયો... સીનીયર આઈએએસ અધીકારી હસમુખ અઢીયાએ મને એક વાર પુછ્યું હતું, 'આવી કાર્યશૈલી છતાં તમે સરકારી તંત્રમાં કેવી રીતે ટકી શક્યા ?' એવો જ અચાનક મેં જવાબ આપ્યો, 'સરકારમાં ટકી રહ્યો, એટલું જ નહીં આગળ વધતો ગયો. કદાચ સરકાર માનતી હતી કે હું એમનું એક સાધન છું. હું માનતો કે મારે જે કરવું છે તેનું સરકાર એક સાધન છે.' જો વાણી–વર્તનનું મેળભર્યું નેતૃત્વ હોય, કર્મઠ કર્મચારીઓને જો પ્રોત્સાહન, ટેકો અને રક્ષણ મળે તો એ જડ તંત્ર પણ સળવળી ઉઠે છે, લોકોનું કામ કરવા લાગે છે....'

(લેખકના પંચોતર વર્ષ નીમીત્તે યોજાયેલા અભીવાદન સમારમ્ભમાં, લેખકે પ્રતીભાવરુપે આપેલા વક્તવ્યમાંથી સારવીને..ઉત્તમ ગજ્જર અને બળવંત પટેલ)

**‘સન્ડે ઈ–મહેફીલ’** – **વર્ષ:** છઠ્ઠું – **અંક:** 194 – June 20, 2010

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

@@@@@

હવે ‘સન્ડે ઈ–મહેફીલ’ સાપ્તાહીક નથી રહી શકી.. તે પાક્ષીક બની છે.

2005થી સતત ચાલતી રહેલી આ બહુરંગી ‘વાચનયાત્રા’ હજીયે અવીરત ચાલુ જ છે. ‘સન્ડે ઈ–મહેફીલ’ની મનગમતી કૃતી વાંચવા કે તેની પીડીએફ ડાઉન લોડ કરવા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM ની મુલાકાત લેવા વીનંતી.

તદુપરાંત અમે, પચીસ–પચીસ ‘સ.મ.’ની પીડીએફની એક, એવી સાત ઝીપફાઈલ બનાવી છે.. જેમને ડાઉનલોડ કરવું ન ફાવે તે અમને uttamgajjar@gmail.com પર લખશે તો અમે એક પછી એક તે સાતેય ઝીપ ફાઈલ તમને મોકલી શકીશું. અને આમ, તમારી પાસે **175 ‘સ.મ.’**ની પીડીએફનો સંગ્રહ અવકાશે વાંચવા અને મીત્રોને મોકલવા સુલભ બનશે

## *‘લખે ગુજરાત’*

ગુજરાત રાજ્યની સ્થાપનાને પચાસ વર્ષ થયાં. ‘સ્વર્ણીમ ગુજરાત’નો આ મહોત્સવ આખું વર્ષ ઉજવાશે. સાથે સાથે ‘વાંચે ગુજરાત’ની પણ એક જોરદાર મુહીમ ઉપડી છે. ઈન્ટરનેટ પર મળતા રહેતા આપણ સૌ મીત્રો શું કરી શકીએ ‘ગુજરાત’ અને ‘મા ગુર્જરી’ની સેવામાં ? આપણે કમ્પુટરના સ્ક્રીન પર ‘લખે ગુજરાત’ની ઝુમ્બેશ ઉપાડીએ તો ?

કમ્પ્યુટર પર કામ કરતો એકેએક ગુજરાતી ગુજરાતીમાં લખતો થાય તોય મોટી સેવા થશે. ઘણા શીખ્યા જ છે; પણ હજી ઘણા બાકી છે. ગુજરાતીમાં ક્યાંક બીજે લખીને અહીં ચોંટાડવું પડે એ ઝંઝટમાંથી મુક્તી મેળવવા અમે તૈયારી કરી છે. તમે કઈ વીન્ડો(એક્સપી–વીસ્ટા કે એપલ–મેક) વાપરો છે તે તથા તમારું ઠામ–ઠેકાણું લખી અમને એક મેઈલ uttamgajjar@gmail.com પર કરો. બધી સામગ્રી તમને એક ઝીપ ફાઈલમાં મોકલી આપીશું. ઈન્સ્ટોલ કરો કે કરાવો અને લખતા થઈ જાઓ. તમે ગુજરાતીમાં લખતા નહીં થઈ જાઓ ત્યાં સુધી અમે તમારી સાથે રહીશું..

Ratilal Chandaria, e-mail: rpchandaria@comcraft.com